SAMVAD E-JOURNAL
ISSN (Online) : 2583-8334
(International Peer-Reviewed Refereed Journal)
Volume 2, Issue-2, April to June : 2024
Published by Rangmati Publication http://www.rangmatipublication.com/

# ચારણી સાહિત્ય : સ્વરૂપગત વિચારણા

*સોનેજી રાધિકા એસ.*

***સારાંશ :***

***આપણી ભારતીય સંસ્કૃતિ વિશ્વમાં પણ પ્રશંસનીય અને અદ્દ્વિતીય છે. ભારતીય સંસ્કૃતિનો પરિચય મેળવવા માટે ભારતમાં વસતા ભિન્ન ભિન્ન જ્ઞાતિ અને ધર્મોના લોકોનો પરિચય મેળવવો અત્યંત જરૂરી છે. પ્રત્યેક જ્ઞાતિને પોતાની આગવી પરંપરા હોય છે અને આ પરંપરામાં જ તેનું જીવનદર્શન પરિચાયક બને છે. એ રીતે ગુજરાતનાં ચારણોની પણ વિશિષ્ટ સાંસ્કૃતિક પરંપરા અને સાહિત્યિક મૂલ્ય છે. અહીં ચારણો દ્વારા સર્જન પામેલ 'ચારણી સાહિત્ય'નો પરિચય આપવાનો ઉપક્રમ છે.***

***ચાવીરૂપ શબ્દો : ચારણી સાહિત્ય, અર્થ, વીરરસ, દૂહા, છંદ***

- **ચારણી સાહિત્યનો સર્જક- 'ચારણ' :**

ભારતીય સંસ્કૃતિ અને દેવી ઉપાસનાનું જતન કરવામાં ચારણોનું પણ યોગદાન છે. આદિકાળથી ચારણો શક્તિ ઉપાસના તરફ વાળનાર અનેકવિધ પરિબળોમાં સૌથી વિશેષ ઉત્કટ અને બળવત્તર પરિબળ છે ચારણ આઈઓ. સત્ય અને સ્વમાન માટે સર્વસ્વની આહુતિ આપવાનો વણ લખ્યો સિદ્ધાંત તેમણે જીવનમાં અપનાવ્યો છે. શક્તિ સરસ્વતી અને સત્યની ઉપાસના કરનાર ચારણો શૂરવીરતાના ચાહક છે. પોતાના આશ્રયદાતાને પણ એની ભૂલ મોઢામોઢ સુણાવી દેવાની એની નૈતિક તાકાત હતી. અંગ્રેજ શાસન સામે પણ એણે નમતું જોખ્યું નથી. એ ગાયક રહ્યો છે અને કંજૂસોનો એ કાળ બન્યો છે. શૌર્ય, ઝિંદાદિલી, શીલ, પવિત્રતા, ઉદારતા, ધર્મ, નીતિ- આ બધાં જીવનમૂલ્યોનો પરમ ઉપાસક એટલે 'ચારણ'.

ચારણી સાહિત્યનો આ સર્જક ચારણ 'દેવીપુત્ર' કે 'સરસ્વતીના ઉપાસક' તરીકે ઓળખાય છે. પ્રાચીનકાળથી ચારણ સ્તુતિપાઠક ગણાયો છે. રાજાઓની પ્રશસ્તિ તે કરતો આવ્યો છે. 'ચારણ'ના સંદર્ભમાં 'ચારણી સાહિત્ય: આપણો સમૃધ્ધ સાંસ્કૃતિક વારસો' ગ્રંથમાં નોંધાયું છે કે;

***" 'ચારણ'નો એક અર્થ 'સ્તુતિપાઠક' કહેવાયો છે." [1]***

ચારણ જરૂર પડે ત્યારે નિંદા, કટાક્ષ અને કટુ વાણીનો આશ્રય લેતાં પણ સંકોચ રાખ્યો નથી. ચારણો ક્ષત્રિયો પાસેથી દાન પામતો રહ્યો છે. કેટલાંક ચારણોએ તો યાચના નહીં કરવાની પ્રતિજ્ઞા લીધેલી છે. રાજવીઓ લાખ-પસાવ આપે કે કરોડપસાવ આપે, હાથી આપે કે ઘોડા આપે. પણ એવા કેટલાંક ચારણો છે જેમણે કદી દાન લીધાં જ નથી.

- **ચારણોનું મૂળ વતન :**

આમ તો ચારણી સાહિત્ય ફક્ત ગુજરાતમાં જ નહિ, રાજસ્થાન જેવાં પ્રદેશોમાંથી પણ પ્રાપ્ત થયું છે. પરંતુ ગુજરાતએ ચારણી સાહિત્યની જન્મભૂમિ ગણાય છે. સૌરાષ્ટ્ર અને કચ્છમાં ચારણોનાં મૂળ છે એવી એક માન્યતા

છે. સોલંકી યુગમાં ચારણો ગુજરાતમાં હતા. આદિ ચારણ કવિ ગણાતા માવલ વરસડા ગુજરાતના વતની હતા. સોરઠને ચારણોનું પિયર કહ્યું છે. તેથી કેટલાક માને છે કે ચારણો સૌરાષ્ટ્ર અને ગુજરાતમાંથી રાજસ્થાનમાં ગયા હશે. ડિંગળી સાહિત્યના મુખ્ય ઉપાસકો મારું ચારણ રહ્યા છે, તેથી ચારણો મૂળ રાજસ્થાનના છે, એવી પણ એક માન્યતા છે.

- ચારણી સાહિત્યનાં પ્રેરકબળો :

ચારણી સાહિત્યમાં વીરરસનું પ્રાધાન્ય જોવા મળે છે. રાજપૂતોના ક્ષત્રિયધર્મમાં રહેલી વીરતાનું ગાન ચારણોએ કર્યું છે. વીરતાના અમૃતપાન કરનારાં ક્ષત્રિયવીરોએ જે અદભુત શૌર્યગાથા ભજવી, એ ચારણી સાહિત્યનું એક પ્રેરકબળ બની રહ્યું. ચારણી સાહિત્યનું બીજું પ્રેરકબળ એ સમયની રાજકીય સ્થિતિ હતી. ક્ષત્રિયોએ સુખમાં હમેશા ચારણોને સાથે રાખ્યા છે, તો ચારણોએ સંગ્રામમાં ક્ષત્રિયોનો સાથ છોડ્યો નથી. ચારણને થયેલાં સંગ્રામનાં અનુભવો પણ ચારણી સાહિત્યનાં એક પ્રેરક બળરૂપ બન્યાં છે.

- **ચારણી સાહિત્યનો ઉદભવ :**

**ચારણી સાહિત્ય એટલે ચારણ કવિઓએ જન્માવેલ સાંસ્કૃતિક પરંપરા, પરંતુ ચારણ ન હોય તેવાં કવિઓએ પણ ચારણી શૈલીમાં સાહિત્યની રચના કરી છે. ચારણી સાહિત્યમાં ડિંગળી ભાષામાં રચાયેલ સાહિત્યનો સમાવેશ થાય છે. તેમજ પિંગળ, ગુજરાતી કે રાજસ્થાની પણ હોઈ શકે છે. ચારણી સાહિત્યના રચયિતા મોટેભાગે ચારણો જ હતા અને તેમની રચનામાં ડિંગળીનું પ્રમાણ વધારે હતું. ચારણી સાહિત્યના વિદ્વાન અને હસ્તપ્રતોના જ્ઞાતાશ્રી રતુદાન રોહડિયા ચારણી સાહિત્યના ઉદભવ અંગે ગુજરાતના ચારણી સાહિત્યનો ઈતિહાસ' ગ્રંથમાં નોંધે છે કે,**

*"આમ ચારણી સાહિત્યનો ઉદ્‌ભવ કચ્છના રા'લાખા ફુલાણીના કવિ માવલ વરસડાની રચનાઓથી થયો ગણીએ તો વિક્રમની દસમી સદીમાં આરંભ થયો ગણી શકાય."* [૨]

**હેમચંદ્રાચાર્યના 'સિદ્ધહેમ'ના અમુક દુહાઓ ચારણી સાહિત્યના ઉદાહરણો છે. આ સિવાય 'રાણકદેવી'ના દુહા પણ પ્રારંભકાળના દુહા ગણી શકાય.**

- ચારણી સાહિત્યમાં વિષય વૈવિધ્ય:

ચારણી સાહિત્યમાં વિભિન્ન પ્રકારનું વિષય વૈવિધ્ય જોવા મળે છે. ચારણ શક્તિનો પરમ ઉપાસક છે. આથી શક્તિની ઉપાસના ઈશ્વરના સ્તવનો, સૂર્યોપાસનાની સ્તુતિ, પીરની સ્તુતિ, પરબ્રહ્મની એકોપાસના સંગ્રામની વીરતાના ગુણગાન, બહારવટિયાની શૂરવીરતાના ગાન, કુદરતની લીલાના ગુણગાન ઋતુકાવ્યોનું ગાન, યૌવનના ઉલ્લાસના' ગાન જેવાં વિષયોમાં ચારણો સર્જન કરતાં આવ્યાં છે.

આ સિવાય દુષ્કાળની વેળાનું દુઃખદ ચિત્ર, મૃત્યુના મરશિયાં બિરદગીતો, વહીવંચાની કામગીરી અને પૌરાણિક વિષયો પર પણ ચારણી કાવ્યો રચાયાં છે.

- **ચારણી સાહિત્યની કેટલીક ઉત્તમ રચનાઓ:**

**ચારણી સાહિત્યધારાના કેટલાંક ખાસ કવિઓની રચના પ્રશંસનીય પામી છે. જેમાં હરદાસ મિસણ કૃત 'ભૃંગીપુરાણ', 'સભાપર્વ' અને 'જાલંધરપુરાણ' જેવી ચારણી રચનાઓ ખૂબ પ્રસિદ્ધિ પામી છે. ભક્તકવિ સાંયાજી ઝૂલા કૃત 'રુકમણી હરણ' અને મહેડુ કુળના ખ્યાતનામ કવિની રચના 'ગોદડ મહેડુ' તથા મહાકવિ ઈસરદાસની 'નાગદમણ' કૃતિઓ ઉત્તમ પ્રકારની ચારણી રચનાઓ ગણી શકાય.**

**શ્રી લાંગીદાસ મેહડુની 'ઓખાહરણ' અને 'એકાદશી મહાત્મય' જેવી ચારણી કૃતિઓ તથા શ્રી રામચંદ્ર મોડ કૃત 'હરિપિંગળ' નામનું ચારણી કાવ્ય અમૂલ્ય બની રહે છે. મધ્યકાલીન ચારણી સાહિત્યના કવિશ્રી ઇસરદાસ કૃત 'હરિરસ' અને 'હાલા ઝાલા રા'કુંડળિયા' પણ શ્રેષ્ઠ ચારણી આખ્યાન ગણી શકાય.**

- ચારણી સાહિત્યના છંદોવિધાન, રસ અને અલંકાર :

ચારણી સાહિત્યમાં મુખ્યત્વે બે છંદો સર્વાધિક પ્રિય રહ્યા છે. એક 'દોહો' અને બીજું 'કવિત'. આચાર્ય હેમચન્દ્રે પોતાના અપભ્રંશ વ્યાકરણમાં પણ આ જ છંદોનાં ઉદાહરણો સર્વાધિક આપ્યા છે. ત્રીજો છંદ છે 'ગાહા' કે 'ગાથા', એ પ્રાકૃતમાંથી ચારણી સાહિત્યમાં આવ્યો છે. આ સિવાય સોલંકીકાળમાં 'ગીત' નામક છંદ, દુહા પરથી ઠીક પ્રમાણમાં રચાયાં છે. દુહા પરથી 'મોટો દુહો', 'સોરઠો', 'તુંવેરી', 'ખોડો' જેવાં છંદો અસ્તિત્વમાં આવ્યા હતા.

વિદ્વાનોએ ચારણી સાહિત્યને વીરરસપ્રધાન સાહિત્ય ગણ્યું છે. પ્રસંગાનુસાર શૃંગાર, શાંત વગેરે રસોને પણ ચારણી કાવ્યોમાં સ્થાન મળ્યું છે.

અલંકારની ચર્ચા કરીએ તો 'વયણ સગાઇ' ચારણી સાહિત્યમાં પ્રાય સર્વત્ર પ્રયોજાતો અલંકાર છે. આ સિવાય ઉપમા, રૂપક, ઉત્પ્રેક્ષા, યમક અને દ્રષ્ટાંત અલંકારો પ્રયોજાતાં રહ્યાં છે.

- **ચારણી સાહિત્યનો ગુજરાતી સાહિત્ય પર પ્રભાવ:**

**રાજદરબારમાં અને લોકડાયરે પોતાનું સ્થાન જમાવનાર ચારણી સાહિત્યની અસરોથી ગુજરાતી સાહિત્ય પણ અલિપ્ત ન રહી શકે. છેલ્લા એક હજાર વર્ષો થયાં ગુજરાતમાં ચારણી સાહિત્યની ગંગોત્રી વહેતી આવી છે. જયારે છેલ્લાં ૪૫૦ વર્ષો થયા ગુજરાતી ભાષાનું અલગ અસ્તિત્વ આવ્યું છે. આમ, ગુજરાતને ચારણી સાહિત્યનો દીર્ઘકાળનો સંસર્ગ છે.**

- ચારણી સાહિત્ય : ઐતિહાસિક મહત્ત્વ:

ચારણી સાહિત્યનું ઐતિહાસિક મહત્ત્વ ઘણું છે. ઈતિહાસની વિપુલ સામગ્રી ચારણી સાહિત્યમાં જળવાઈ હોય તો પણ ઐતિહાસિક વિગતો એમાંથી તારવીને સંકલિત કરીને ઘણી ઐતિહાસિક રચનાઓ રચાઈ છે. આ સાહિત્યમાં રાષ્ટ્રીય ભાવના, શૌર્યભાવના કેન્દ્રવર્તી છે. કાયરને વીર અને વીરને શહીદ બનાવનાર ચારણકવિ છે. આ સાહિત્યમાં રાજવીઓની પ્રશંસાનાં, વીરતાનાં આદર્શનાં ગુણગાન ગવાયાં છે. ચારણ કવિઓના બિરદગીતોમાં ઐતિહાસિક વિગતો છે. જેના કારણે કહી શકાય છે કે ચારણી સાહિત્યમાં ઈતિહાસની વિપુલ સામગ્રી જળવાઇ છે. આથી તેનું ઐતિહાસિક મૂલ્ય વધ્યું છે.

- ઉપસંહાર :

આમ, ચારણી સાહિત્યએ ચારણ કવિઓ દ્વારા રચાયેલા વીર-રસાત્મક કૃતિઓનું પ્રતિબિંબ છે. આ સાહિત્યનું ઐતિહાસિક, રાષ્ટ્રીય અને સાંસ્કૃતિક મહત્ત્વ પણ રહેલું છે. ચારણી કાવ્યોમાંથી પ્રગટી રહેલું જીવનદર્શન, સામાજિક ચેતના અને સદાચારી ગુણોનું મૂલ્યાંકન આંકી શકાય એમ નથી. સાથે જ સાહિત્યિક દ્રષ્ટિએ પણ તેનું ઘણું મૂલ્ય રહેલું છે.

- **સંદર્ભગ્રંથો :**

(૧) લે. ડૉ. ઈશ્વરલાલ દવે, રતુદાન રોહડિયા, 'ચારણી સાહિત્ય : આપણો સમૃધ્ધ સાંસ્કૃતિક વારસો', પ્રથમ આવૃત્તિ-૧૯૮૨, પૃષ્ઠ નં.૦૫

(૨) લે. રતુદાન રોહડિયા 'ગુજરાતના ચારણી સાહિત્યનો ઈતિહાસ' પ્રથમ આવૃત્તિ-૧૯૮૫, પૃષ્ઠ નં.૩૩